૫૦૧ / ૪,૧૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦) **સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - અગિયારમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૪

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''હું ફેલ નથી કરતો, પણ આપની મૂર્તિ સામું જોઉં છું ને વૃત્તિ સ્થિર થઈ જાય છે.'' ૭૩

૨. ''કન્યા મળતી હતી છતાં શા સારુ બ્રહ્મચારી રહ્યો ?'' ૧૦

૩. ''બહુ સારું પદાર્થ બંધન કરે.'' ૩૩

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. મહારાજ રોજકા જવા નીકળ્યા. ૧૫૦

૨. મહારાજે કહ્યું, 'આપણે શિક્ષાપત્રી લખી અને આપણે જ તોડી.' ૧૩૭

૩. સંતોએ પોતાની દરેક પ્રવૃત્તિ શ્રીજીમહારાજને લક્ષ્યમાં રાખી કરવાનું નક્કી કર્યું. ૧૪૦

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ ૬૦

૨. દ્વારિકાની ગોમતી વરતાલમાં ૧૨૬

૩. ભગવાનની ગાદી ૮૬

૪. અમદાવાદમાં પુનઃપ્રવેશ ૯૩

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૪ ગુણ)

૧. મહેમદાવાદમાં ભગુજીએ કોને હણી નાખ્યો ? ૫૫

૨. મહારાજને પહેલીવાર વસ્ત્રાભૂષણો કોણે ધરાવ્યાં ? ૩૯

૩. દીવ બંદરના વણિકને મહારાજે દીક્ષા આપી શું નામ પાડ્યું ? ૧૪

૪. શ્રીજીમહારાજના પ્રાગટ્યના છ હેતુઓમાંથી કોઈપણ એક હેતુ લખો. ૧૦૩

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નીચેનાં કયાં મંદિરોમાં મૂર્તિ અને સ્થાનનો સંબંધ સાચો છે ? ૧૧૭, ૧૩૪, ૧૩૯, ૧૪૦

(૧) ☐ ભૂજ - નરનારાયણ દેવ (૨) ☐ ધોલેરા - રાધારમણ દેવ

(૩) ☐ ગઢડા - ગોપીનાથ દેવ (૪) ☐ જૂનાગઢ - મદનમોહન દેવ

૨. બાળકને રાજી કર્યો. ૯૨

(૧) ☐ સભામાં નીકળેલો નાગ. (૨) ☐ વેદની ઋચાઓ બોલાવી

(૩) ☐ પ્રસાદીની કેરી આપી. (૪) ☐ બાર વાક્યોના અર્થ કરી આપ્યા.

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૪ ગુણ)

૧. પંચાળામાં ................ નાં અશ્રુબિંદુઓ પડ્યાં તે સ્થળને બિંદુ સરોવર કહે છે. ૧૦૮

૨. મહારાજ .................. ના દિવસે ગવર્નર જહૉન માલ્કમને મળ્યા. ૧૪૪

૩. .................... માન રાખવાથી સાધુતાના ગુણો આવતા નથી. ૬૨

૪. મૂળજી શેઠે મહારાજના ચરણસ્પર્શ કરી ................ છોડવાની પ્રતિજ્ઞા કરી. ૨૫

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પરિચય-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૫૦૧**

| | |
|---|---|
| પરીક્ષાર્થીની અટક :- | પરીક્ષા આપી તે તારીખ :- |
| પરીક્ષાર્થીનું નામ :- | પરીક્ષા આપી તે સમય :- |
| પિતા / પતિનું નામ :- | બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐ |
| પરીક્ષા સ્થળનું નામ :- | કેન્દ્ર નંબર :- ☐☐☐☐ |
| પરીક્ષાર્થીની સહી :- | કેન્દ્રનું નામ :- |

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - સાતમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૦

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''હવે આપણે શું જવાબ દેવો ?'' ૪૪

૨. ''આ ક્યાં સાલેમાળ છે, આ તો અક્ષર ઓરડી છે.'' ૫

૩. ''હમણાં કેમ દેખાતા ન હતા ?'' ૨૨

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૪ ગુણ)

૧. બાળમુકુંદદાસજી સ્વામીને કોઈ કાંઈ કહી શક્યું નહીં. ૬૩

૨. જાગા ભક્તને ગોળી વાગે તેવું વસમું લાગ્યું. ૫૪

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** (૫ ગુણ)

૧. અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનમાં અદાશ્રીને આવેલ ઉપાધિઓ. ૬૪

૨. ભક્તિમાતાએ બાઈઓને દીધેલાં દર્શન. ૪૨

૩. વળી સૌ સાંભળો..... પદનું હાર્દ લખો. ૧૮

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૪ ગુણ)

૧. શાસ્ત્રીજી મહારાજે મૂળજી બ્રહ્મચારીની મૂર્તિ કયા મંદિરમાં પધરાવી ? ૨૫

૨. મહારાજે પીંજારાના પુત્રને ઉજ્જૈન જઈ શું શીખવાની આજ્ઞા કરી ? ૧૦

૩. 'ભગવાનનાં ચરણારવિંદને જ નમસ્કાર કરવાનું કેમ કહ્યું છે ?' - આ પ્રશ્નનો સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ શું જવાબ આપ્યો ? ૩

૪. મહારાજે કોનો રથ હાંક્યો ? ૩૮

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** (૫ ગુણ)

**વિષય :- મહારાજે દાદાખાચરની કરેલી આકરી કસોટી** ૩૫

**૧.** દાદો તે દાદો ! આવો બીજે ન મળે. **૨.** દાદાએ બહેનોના ગરાસનું કામકાજ એક વર્ષ સંભાળ્યું. **૩.** મહારાજે દાદાખાચરને પોતાની પ્રસાદીનો હાર આપ્યો. **૪.** દાદો મરશે ને ગરાશ મળશે. **૫.** તમારે ગરાસ રાખીને શું કામ છે ? આપી દો દાદાખાચરને. **૬.** દાદાખાચરે પોતાનું સર્વસ્વ મને અર્પણ કર્યું છે. **૭.** હું ભાવનગર જઈને રાજ્યમાં નોકરી કરીશ. **૮.** દાદા ક્યાં હતો ? **૯.** દાદાખાચરે પોતાને રહેવાનો દરબાર મંદિરને માટે લખી આપ્યો. **૧૦.** દાદા, તારો ગરાસ આ બે બહેનોને લખી આપ. **૧૧.** જુઓ, આને મારો કેટલો વિશ્વાસ છે.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** (૪ ગુણ)

૧. જાગા ભક્તને મીઠું ને સાકર બંને સરખા હતા. ૨૮

૨. સ્વરૂપાનંદ સ્વામી બધી રસોઈ જમી ગયા છતાં ધરાયા નહિ. ૪૩

૩. જાગા ભક્તની અંતિમ માંદગી સમયે શાસ્ત્રી કમળનયને સેવા કરી હતી. ૫૭

૪. ગિરધરભાઈએ શ્રીજીમહારાજને કહ્યું, ''તમે દાદામાં બંધાઈ ગયા છો.'' ૩૪

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩. નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** (૧૫ ગુણ)

૧. B.A.P.S.ની વિશેષતાઓ

૨. સંસ્કૃતિ અને સંસ્કારના વિનાશનું કારણ કુસંગ

૩. પ્રમુખસ્વામી મહારાજના હૃદયનો લય - ભક્તિ

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❈ ❈ ❈